
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




મારે તો બે દિકરીઓ છે... તું નહીં માને રોઝ ડે બાદ મારે આખું વર્ષ ચાલે તેટલો ગુલકંદ બની જાય છે..!!

# કોબા લુંટ કેસના આરોપીઓને એલસીબીએ ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં કોબા સાર્થક હેવન પાસે સાંજના સુમારે એક લાખ રૂપીયાની લુંટ થઈ હતી. એક યુવકને મોંઢા પર માસ્ક કેમ નથી પહેર્યું કહી પોલીસ તરીકેની ઓળખ આપી ધમકાવ્યો હતો. ત્યારબાદ યુવકના ખીસ્સામાંથી પૈસા કાઢી બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આ લુંટ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા સ્થાનિક પોલીસ અને પોલીસની એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. ત્યારે ગાંધીનગર એલસીબી-૧ ગણતરીના દિવસોમાં લુંટ ચલાવનાર બે શખ્સોને દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી એક લાખ રૂપીયા, બે



મોબાઈલ અને ટુ-વ્હીલર મળી કુલ રૂ.૧,૪૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ધોળાકુવા સર્કલ નજીક કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર અને ગોવિંદભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે પીડીપીયુ માર્ગ પરથી સુઝુકી કંપનીનું બુગમેન સ્ટ્રીટ નં.જી.જે.૨૭.ડી.જી.-૪૨૦૩ સાથે મહમદ હમજા મહમદ અફ્ઝર શેખ (ઉં.૨૫ રહે. મ.નં.૧૬૭૭ એ-૩૫ ભોગીલાલની ચાલી પોપટીયાવાડ રાજપુર ગોમતીપુર ટોલનાકા પાસે), મહમદ ફૈયાઝ મહમદ ફિરદોશભાઈ સંધી (ઉં.૨૩ રહે. મ.ન.૧૭૪૦ મણીયાર વાડ, ભોગીલાલની ચાલી બાજુમાં પોપટીયાવાડ રાજપુર ગોમતીપુર ટોલનાકા) અમદાવાદને ઝડપી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોની પુછતાછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપ્યો નથી. જેથી તેમની અંગજડતી કરતા તેમની પાસેથી રોકડ રૂ. ૧ લાખ મળી આવ્યા હતા. પોલીસે રોકડ રૂપીયા તેમજ ઉંડાણપૂર્વક પુછતાછ કરતા બંને શખ્સોએ જણાવ્યું હતું કે તા.૩ ના રોજ સાંજના સુમારે અમદાવાદ થી ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. કોબાથી આગળ સર્વિસ માર્ગ પર પસાર થઈ રહેલા યુવકને ફૈયાઝ સંધીએ પોલીસ સ્ટાફમાં છે અને માસ્ક કેમ નથી પહેર્યું તેમ કહી મહંમદ હમજાને પોતાના સાહેબ તરીકે ઓળખ આપી યુવકના પેન્ટના ખીસ્સામાંથી રોકડા એક લાખ લઈ બે શખ્સો ભાગી ગયા હતા. ત્યારબાદ સોમવારના રોજ લુંટના નાણા નો ભાગ પાડવા એકઠા થયા હતા તે સમયે પોલીસે દબોચી લીધા હતા.

દિવાળી પછીના સમયગાળામાં ભાઈજીપુરા પાટીયા પાસેથી આ જ રીતે એક યુવકને ઉભો રાખી તેને કહ્યું હતું કે તમારૂ પાકીટ પડી ગયું છે તેમ કહીને તેનુ પાકીટ ઝુટવી લઈ તેમા રહેલા રૂ.૨૦ હજાર લઈ જતા રહ્યા હતા. પોલીસે સુઝીકી કંપનીનું સ્કુટર કિં.૩૫,૦૦૦ અને રૂ.૧૦ હજારની કિંમતના બે મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ.૧ લાખ મળી કુલ રૂ.૧,૪૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- સે. ૨૨ માંથી ઘટાદાર વૃક્ષોની કાપણી કર્યા બાદ તેના મૂળિયા કાઢવા માટે રાત્રે મૂળની આસપાસ પાણી ભરી રાખવામાં આવ્યુ હતુ.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા તબક્કાની કામગીરીનો આજથી આરંભ થતાં જિલ્લાનું આખુ તંત્ર ઈલેક્શન મોડમાં આવી ગયુ છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના એક સરખા કેસ નોંધાયા છે.
- કોંગ્રેસના રિસાયેલા નેતાઓને મનાવવા માટેનું અને ડેમેજ કંટ્રોલની કામગીરી પ્રાંતિયા નજીકના એક ફાર્મહાઉસથી સતત ચાલી હતી.
- સ્વચ્છતા સર્વેક્ષણને લઈ આજે નાયબ મ્યુનિ. કમિશનર દવેએ સેનીટેશન સુપ્રિ. અને સેનીટેશન ઈન્સ્પેક્ટરોની બેઠક યોજી ફીડ બેક માટે લોકો સાથેની ભાગીદારી વધારવા પર ભાર મુક્યો હતો.
- ગાંધીનગર બજરંગદળની એક બેઠક મળી હતી જેમાં ૩૫૦થી વધુ કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

# શહેરમાં ૩૨ વર્ષે મકાન પચાવી પાડનાર સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૮

સમગ્ર રાજયમાં પ્રથમવાર મકાન પચાવી લેવા મુદ્દે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ ફરીયાદ નોંધાઈ છે. સેકટર-૨૪ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડનું મકાન પચાવી પાડનાર સામે ૩૨ વર્ષે ફરીયાદ નોંધાતા હડકંપ મચી જવા પામી છે. ૧૯૮૯ થી ગેરકાયદેસર રીતે કબ્જો જમાવનારે ઘર છોડવાનો વારો આવ્યો છે. મકાન માલિકને લાંબી કાયદાકીય લડત બાદ ફરીયાદ નોંધાતા હાશકારો થયો છે.

વિગત મુજબ દલીચંદ સુખલાલ મહેતા (ઉં.૮૭ રહે.પ્રેમરસ સોસાયટી ખાનપુર)ને ૧૯૭૮માં ગુજરાત હાઉસીંગ બોર્ડના ડ્રો માં સેકટર-૨૪ ખાતે મકાન નં.૪૫૩ તેઓને લાગ્યું હતું. આ મકાન મળતા તેની રકમ ભરપાઈ માટે ફરીયાદીએ લોન લીધી હતી અને ૧૯૬ રૂપીયાના હપ્તા ભરતા હતા. ફરીયાદી અમદાવાદ રહેતા હોવાથી મકાન બંધ રાખતા હતા. ગત તા.૧૪ ડિસેમ્બર ૧૯૮૯ ના રોજ તેમના પર ગુજરાત હાઉસીંગ બોર્ડનો પત્ર આવ્યો હતો. જેમાં તેમને મળેલુ મકાન કમરૂદિન ફજલુદીન કુરેશીને અનઅધિકૃત રીતે વેચી મારવા અંગે સ્પષ્ટતા કરવા જણાવ્યું હતું. બોર્ડને કોઈને પણ મકાન વેચાણ નહી કર્યું હોવાનો જવાબ આપ્યા બાદ ઘરે તપાસ કરતા ઘર ખુલ્લુ હતું. દલીચંદ મહેતા એ કમરૂદિનને ઘર ખાલી કરવા માટે જણાવી પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ તેણે કોર્ટમાં ૧૯૯૧ માં દાવો દાખલ કર્યો હતો અને ત્યારબાદ વીડ્રો કરી લીધો હતો. ત્યારબાદ ફરીવાર ૧૯૯૮ માં દાવો દાખલ કરતા કોર્ટ દ્વારા કાઢી નાંખવામાં આવ્યો હતો. મકાન માલિકે વર્ષ ૧૦૧૭માં સેકટર-૨૧ પોલીસ મથકે અરજી કરી હતી.જેથી મામલતદાર દ્વારા કમરૂદિનને અનેકવાર નોટીસ આપવામાં આવી હતી. જો કે તેણે હાજર ન રહી ને મકાન ખાલી કરી દીધુ હતું. વિવિધ કોર્ટમાં કરેલા દાવા અને અપીલો માં કોઈ આધારભુત પુરાવા રજુ કરાયા ન હોવાના ફરીયાદીએ દાવો કર્યો છે. મકાન માલિક દલીચંદ મહેતાએ કલેકટર કચેરી ખાતે અરજી કરી લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધવા માટે માંગ કરી હતી.જેમાં તેમણે ઘરને લગતા તમામ જરુરી કાગળોની નકલો રજુ કરી હતી. ત્યારબાદ સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



અમદાવાદ જિલ્લા કલેકટર હસ્તકની વિવિધ કચેરીઓમાં સ્ટેનોગ્રાફર તરીકે વય નિવૃત્તિ થયેલ સ્ટેનોગ્રાફર શ્રી પ્રકાશભાઈ ભટ્ટ (P A to commissioner of electricity gujarat state), શ્રીમતી હંસાબેન પટેલ (P A to Judge,Labour Court, Ahmedabad) અને શ્રી તરુણભાઈ દવે (P A to Judge, Labour Court, Ahmedabad) નિવૃત્તિની ફેરવેલ પાર્ટીની ઉજવણી સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોનેઅનુસરીને તા.૦૭/૦૨/૨૦૨૧ રવિવારના રોજ ધી ગ્રાન્ડ ઠાકર, અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. જેમાં વિદાય લઈ રહેલા ત્રણેય કર્મચારીઓને કલેકટર,અમદાવાદ કાર્યક્ષેત્રની કચેરીઓમાં ફરજ બજાવતા સ્ટેનોગ્રાફર મિત્ર વર્તુળ તરફથી ભાવભીની વિદાય આપવામાં આવી હતી. કોરોનાકાળ પછી લાંબા સમય પછી સૌ મિત્રો મળતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.



## ચરેડી ફાટક પાસેથી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

શહેરના ચરેડી ફાટક પાસેથી આર.જે.૧૪.જી.જે.-૦૭૫૩ નંબરની ટ્રકમાંથી એલસીબી-૨ પોલીસે રૂ.૭,૪૯,૬૦૦ ની કિંમતનો ૧૪૦ પેટી વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. ડ્રાઈવરની કેબીનની પાછળ પાર્ટેશન મારી ચોરખાનું બનાવી દારૂ સંતાડી ને પેપરરોલની આડમાં લાવ્યો હતો. પેપરરોલ પાલનપુર ઉતારી દીધા હતા. પોલીસે વિદેશી દારુ સાથે ટ્રક ચાલક હરીયાણાનો મુસ્તાક ઈસરાઈલખાન અને ટ્રકનો મુળ ડ્રાઈવર અબ્દુલ રજાક ઈસ્લામે ગુડગાવથી દારુ ભરી ટ્રક આપી હતી. પોલીસે રૂ.૧૦ લાખની ટ્રક અને રૂ.૭,૪૯,૬૦૦ ની કિંમતનો દારુ તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૧૭,૫૦,૧૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી સેકટર-૨૧ પોલીસ મથક ખાતે બે શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સંરક્ષણ ક્ષેત્રે કરિયર માટે મહત્વપૂર્ણ સી. ડી. એસ. પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા.૮

રવિવારના રોજ ભારતભરમાં લગભગ ૪૧ શહેરોમાં કંબાઈન્ડ ડિફેન્સ સર્વિસ (સી.ડી.એસ)ની પરીક્ષા કોરોના ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને વિવિધ પરીક્ષા સેન્ટર ઉપર યોજવામાં આવી હતી. સી.ડી.એસ.ની પરીક્ષા યુ.પી.એસ.સી દ્વારા લેવામાં આવતી કેન્દ્રીય કક્ષાની પરીક્ષા છે જે દર વર્ષે બે વાર લેવામાં આવતી હોય છે.

આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ સવારના ૯ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી આ ૩ પેપરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રિટાયર્ડ કમાન્ડન્ટ ભારદ્વાજ કે જે ડિફેન્સ યુનિકોર્ન દ્વારા શરૂ કરવામાં આવેલ 'મિશન આર્મ ફોર્સીસ'ની આગેવાની કરી સી.ડી.એસ. અને તેના જેવી અનેક સંરક્ષણની પરીક્ષા વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતતા ફેલાવવાનું કામ કરે છે, એમના મત મુજબ તાજેતરમાં થયેલ સી.ડી.એસ નું પેપર એકંદરે સરેરાશ રહ્યું હતુ કે જેમાં ખાસ કરીને અંગ્રેજીના પ્રશ્નો સરળથી લઈને મધ્યમ કક્ષાના રહ્યા હતા. જનરલ નોલેજના પ્રશ્નોએ થોડા ઘણા અંશે વિદ્યાર્થીઓને વિચારતા કરી મુક્યા હતા. જયારે ગણિતના પ્રશ્નો સરળથી લઈને મધ્યમ કક્ષાના રહ્યા હતાં. સાથે તેઓ એ પણ જણાવેલ કે માહિતીના અભાવે ગુજરાતમાંથી, બીજા રાજ્યોની સરખામણીમાં ઘણી ઓછી માત્રામાં વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે. દેશના બીજા રાજ્યોની સાથે ગુજરાતનો વિદ્યાર્થી પણ આવી પરીક્ષામાં રસ દાખવી દેશની સેવામાં જોડાઈને પોતાના રાજ્ય તથા દેશનું નામ રોશન કરે તેવી ઈચ્છા દાખવી હતી.



## રાંધેજાના અગ્રણી ટેકેદારો સાથે આપમાં જોડાયાં

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પ્રથમવાર ઝુકાવી રહેલી આમ આદમી પાર્ટીમાં રાંધેજાના અગ્રણી શૈલેષભાઈ દેસાઈ તેમના પચાસ ટેકેદારો સાથે જોડાયા હતા. આપ શહેર પ્રમુખે તેમને પાર્ટીની ટોપી પહેરાવીને આવકાર્યા હતા.

# બીયુ સર્ટિફિકેટ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા કોર્પોરેટરની માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સામાન્ય નાગરિક પોતાના રહેણાંક કે વ્યવસાય માટે બિલ્ડર પાસેથી જ્યારે પોતાની જીવનભરની મૂડી ખર્ચીને મકાન કે શોપીંગ કોમ્પલેક્ષમાં દુકાનની ખરીદી કરે ત્યારે તેને તે બિલ્ડીંગના બીયુ સર્ટિફિકેટની માહિતી ઓનલાઈન સરળતાથી મળી રહેવી જોઈએ તેવી રજૂઆત શહેરના વોર્ડ નં. ૮ ના મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રવિણાબેન વોરા દ્વારા માર્ગ અને મકાન વિભાગ તથા મહેસુલ વિભાગ સમક્ષ કરવામાં આવી છે. આ રજૂઆતમાં તેમણે જણાવ્યુ છે કે અત્યારે સરકારની મોટાભાગની કામગીરીનો ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ છે તેથી આઈ-ઓઆરએ, એનએ ઓનલાઈન, રેરા જેવી સીસ્ટમ મારફતે બિલ્ડીંગની બીયુ પરમીશન અંગે પણ માહિતી ઓનલાઈન મળી રહેવી જોઈએ. વહીવટી નિયમન અન્વયે મંજૂરી પત્રની નકલ પ્રોસીજર પત્ર પછી જ મળે પરંતુ બીયુસી છે કે કેમ તે જાહેર માહિતી તરીકે પોર્ટલ પર ઉપલબ્ધ થવાથી ગ્રાહકોના હક્કોનું રક્ષણ કરવાનો અધિકાર ચાલુ રહેવો જોઈએ જેથી ભવિષ્યની અનઈચ્છનીય દુર્ઘટના સમયે ગ્રાહકની જીંદગી અને મૂડીનું રક્ષણ મળી રહે. આ વ્યવસ્થા સત્વરે શરૂ થાય તે માટે સરકારે સંબંધિત વિભાગો તથા હોદ્દેદારોને વચગાળાના હુકમો કરવા તેમણે માંગ કરી છે.



તાજેતરમાં સચિવાલય આંતર વિભાગીય ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૧ જીમખાનામાં યોજાયેલી આ સ્પર્ધામાં વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાંથી સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલ્સ સ્પર્ધામાં અમી રાવલ પ્રથમક્રમે વિજેતા થયા હતા. મિક્સ ડબલ્સમાં તેમના સાથે વન વિભાગના નાયબ સચિવ વિપુલ વસાવા જયારે ડબલ્સમાં ગીતાબેન ગોઠીએ સાથ આપ્યો હતો.

## ઈન્ફોસીટી પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૨૯૨-૨૧ ખાતે રહેતા કૃણાલ ગોપાલભાઈ મિસ્ત્રી ફર્નીચરનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. કૃણાલ પાસે મોટાભાઈ દિનેશભાઈનું પલ્સર બાઈક નં.જી.જે.૧૮.સી.કે.૬૪૭૦ રાખતો હતો. ત્યારે ફરીયાદી ગત તા.૩ ના રોજ ઈન્ફોસીટી સબ વે પાસે પાર્કિંગમાં ચાર વાગે બાઈક પાર્ક કરીને સેન્ડી ટેટુ સેન્ટર ખાતે કામ ચાલતુ હોવાથી દુકાનમાં ગયો હતો. ત્યારબાદ અડધો કલાક બાદ યુવક પરત ફરતા પલ્સર બાઈક જે સ્થળે પાર્ક કર્યું હતું તે સ્થળ પર ન હતું. ગણતરીની મિનીટોમાં બાઈક ચોરી થઈ ગયું હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા ન મળી આવતા પોલીસ મથકે રૂ.૪૦ હજારના પલ્સર બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને તથા લગતા વળગતા જોગ જણાવાનું કે જત ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકા ગાંધીનગરના મોજે ગામ રાજપુરના રેવન્યુ સર્વે નં. ૫૪ (જુના સર્વે નં. ૬૨/૧)ના કુલ ક્ષેત્રફળ ૦-૪૩-૩૨ હે.આરે.ચો.મી.ના કુલ આકાર રૂ. ૧.૯૦ પૈસાની ખાતા નંબર ૨૨૦નું ખેતર નામે "ટાચક પસાયતુ"ની બિનખેતી પ્રિમીયમને પાત્ર વાળી ખેતીની જમીન (૧) મહેશકુમાર સોમાભાઈપટેલ તથા (૨) સુરેશકુમાર પ્રતાપજી ઠાકોર ના સહ-કબજા ભોગવટાની કુલ સ્વતંત્ર સહ-માલિકી હક્કની જમીન જે સંપુર્ણ બોજા રહિત હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, નિગમ કે બેંકનો કોઈપણ પ્રકારનો બોજો, ગીરો, ચાર્જ કે લાગભાગ, હક્ક, હીસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો કે ખોરાકી, પોશાકીનો હક્ક, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, લીઝ પેન્ડન્સી, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના હક્ક, હિત કે હીસ્સો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમારા નીચે જણાવેલ સરનામે લેખીત પુરાવા સાથે રજીસ્ટર પોસ્ડ એડીથી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ હક્ક, હીસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન કે કબજા ભોગવટો વીગેરે હોય તો તેવા તમામ હક્કો અને વાંધાઓ ઉપરોક્ત માલિકની તરફેણમાં હરહંમેશ માટે જતા અને યાને વેઈવ કરેલ છે તેમ સમજીને ઉપરોક્ત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**માર્મિક એ. ઠક્કર** (એડવોકેટ)
૨૦૧, હિમાલયા એમરલ્ડ, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ પાસે,
શ્યામલ થી શિવરંજની ચાર રસ્તા, ૧૩૨ ફુટ રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.



કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળની જાહેરાત

## જાહેરનામું

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : અગોલ, વ.કે.નં.૧૪/૨૦૧૯
ક્રમાંક : અકન/ક.૧૯(૧)/આ.જાહેરનામું/અગોલ/૧૪/૧૯/એસ.આર.નં. ૩૩૨
તારીખ : ૧૯/૧/૨૦૨૧

૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાયમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે (જેનો હવે પછી ઉલ્લેખ સદરહુ કાયદો તરીકે કરેલ છે.) ગુજરાત સરકારશ્રી અત્રેથી હિત ધરાવતી તમામ વ્યક્તિ કે વ્યક્તિઓને જાહેર કરેલ છે કે, નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના મહેસાણાએ સદરહુ કાયદાની કલમ-૧૫ની પેટા કલમ (૨) હેઠળ સરકારશ્રીને રજૂ કરેલા અહેવાલથી સંતોષ થયેલ છે અને નીચે મુજબ પરિશિષ્ટ-કમાં દર્શાવેલ વિગતો ધરાવતી જમીન નર્મદા યોજનાની અગોલ-૨ માઈનો નહેરના બાંધકામના જાહેર હેતુ માટે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે.

૨. સદરહુ કાયદાની કલમ-૧૯(૧) હેઠળની જાહેરાત આ જાહેરનામાથી બહાર પાડેલ તે આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

૩. સંપાદન કરવાની થતી જમીનના નકશા અને પ્લાન જાહેર જનતાના નિરિક્ષણ સારૂ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, મહેસાણા, બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમયમાં ઉપલબ્ધ થશે.

૪. સરકારશ્રીના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જાહેરનામા ક્રમાંક : જ.સં./૨૦૨૦/મહેસાણા/૦૭/૦૪/મ તારીખ : ૪/૨/૨૦૨૦થી સંપાદન કરવાની ઉક્ત જમીનને સામાજિક અસર મૂલ્યાંકનમાંથી મુક્તિ અપાયેલ છે.

**પરિશિષ્ટ-ક**

વળતર કેસ નં. ૧૪/૨૦૧૯
તારીખ : ૧૯/૧/૨૦૨૧

જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : અગોલ

| ક્રમ | જમીન કબજેદારનું નામ | ગામ નમુનો નં.૮ (અ) | સર્વે નંબર/ બ્લોક નંબર | વિસ્તાર (હે.આરે. ચો.મી.) | સંપાદિત કરેલ વિસ્તાર (હે.આરે. ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | પટેલ સીતાબહેન જગજીવનભાઈ<br>પટેલ પ્રવિણકુમાર જગજીવનભાઈ<br>પટેલ હિતેશભાઈ જગજીવનભાઈ | ૨૭૪ | ૧૦૬૪ | ૦.૬૦.૮૫ | ૦.૦૩.૦૧ |
| ૨ | વલીભાઈ નબીભાઈ<br>હામદભાઈ નબીભાઈ<br>નુરમહંમદભાઈ નબીભાઈ | ૯૦૩ | ૧૦૫૨ | ૦.૦૯.૭૩ | ૦.૦૭.૦૩ |
| ૩ | વલીભાઈ નહીભાઈ<br>હામદભાઈ નબીભાઈ<br>નુરમહંમદભાઈ નબીભાઈ | ૯૦૩ | ૧૦૬૨ | ૦.૪૦.૦૭ | ૦.૦૭.૨૨ |
| ૪ | વલીભાઈ નહીભાઈ<br>હામદભાઈ નબીભાઈ<br>નુરમહંમદભાઈ નબીભાઈ | ૯૦૩ | ૧૦૫૫ | ૦.૧૪.૨૨ | ૦.૧૧.૩૫ |
| ૫ | પટેલ અશોકભાઈ બળદેવભાઈ | ૯૬૦ | ૧૨૧૨ | ૦.૨૪.૮૫ | ૦.૦૭.૫૪ |
| ૬ | હેમંત નટવરભાઈ પટેલ<br>શારદાબેન નટવરભાઈ પટેલ | ૧૭૨૦ | ૧૨૧૩ | ૦.૪૮.૬૨ | ૦.૦૯.૩૮ |
| ૭ | પટેલ અશોકભાઈ બળદેવભાઈ | ૯૬૦ | ૧૨૨૦ | ૦.૪૮.૬૮ | ૦.૦૯.૯૮ |
| ૮ | ચમાર ગોવિંદભાઈ છગનભાઈ<br>ચમાર બાબુભાઈ છગનભાઈ | ૬૮૬ | ૧૨૧૯ | ૦.૪૯.૭૧ | ૦.૦૭.૨૨ |
| ૯ | લલિત પંકજભાઈ બકેરી<br>સુહાની લલીતભાઈ બકેરી<br>કાર્તિકભાઈ પ્રફુલભાઈ બકેરી<br>ઉદિતભાઈ અલોકભાઈ શાહ<br>કાહીની અલોકભાઈ શાહ<br>કલના નરેન્દ્રભાઈ વ્યાસ | ૧૪૬૭ | ૧૨૧૮ | ૦.૪૯.૬૪ | ૦.૦૧.૭૭ |
| ૧૦ | લલિત પંકજભાઈ બકેરી<br>સુહાની લલીતભાઈ બકેરી<br>કાર્તિકભાઈ પ્રફુલભાઈ બકેરી<br>ઉદિતભાઈ અલોકભાઈ શાહ<br>કાહીની અલોકભાઈ શાહ<br>કલના નરેન્દ્રભાઈ વ્યાસ | ૧૪૭૫ | ૧૨૪૩ | ૦.૪૫.૨૪ | ૦.૩૪.૬૧ |
| ૧૧ | લલિત પંકજભાઈ બકેરી<br>સુહાની લલીતભાઈ બકેરી<br>કાર્તિકભાઈ પ્રફુલભાઈ બકેરી<br>ઉદિતભાઈ અલોકભાઈ શાહ<br>કાહીની અલોકભાઈ શાહ<br>કલના નરેન્દ્રભાઈ વ્યાસ | ૧૪૭૬ | ૧૨૯૪ | ૦.૩૮.૧૯ | ૦.૧૬.૦૦ |
| ૧૨ | રબારી અમરતભાઈ ધનબાઈ<br>રબારી હોસીબેન તે<br>અમરતભાઈના પત્ની<br>રબારી હેતલભાઈ અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન<br>રબારી જાનવીબેન અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન<br>રબારી આયુષીબેન અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન<br>રબારી વિરાજભાઈ અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન<br>રબારી જય અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન<br>રબારી ફેનિલ અમરતભાઈ<br>સ.પા.ક હોશીબેન | ૭૮૮ | ૧૧૭૩ | ૦.૬૫.૦૮ | ૦.૦૦.૪૩ |
| ૧૩ | બકેરી અર્બન ડેવલપમેન્ય પ્રા.લિ. | ૧૩૫૧ | ૧૧૬૮ | ૦.૫૩.૮૨ | ૦.૧૮.૨૧ |
| ૧૪ | બકેરી અર્બન ડેવલપમેન્ય પ્રા.લિ. | ૧૩૫૧ | ૧૨૯૭ | ૨.૧૪.૭૮ | ૦.૨૭.૯૩ |
| ૧૫ | બકેરી અર્બન ડેવલપમેન્ય પ્રા.લિ. | ૧૩૫૧ | ૧૧૬૬ | ૦.૩૯.૭૫ | ૦.૨૫.૧૦ |
| ૧૬ | સિપાઈ બઈબાબેન જામાભાઈ<br>મુમઈભાઈ<br>સિપાઈ એહમદભાઈ જામાભાઈ<br>સિપાઈ અકબર જામાભાઈ<br>સિપાઈ નગીનાબેન જામાભાઈ<br>સિપાઈ જરીનાબેન જામાભાઈ | ૧૭૬૧ | ૧૧૬૪ | ૧.૧૧.૫૯ | ૦.૦૦.૨૬ |
| ૧૭ | પટેલ નટવરભાઈ રણછોડભાઈ | ૫૯૩ | ૧૧૬૫ | ૦.૭૦.૧૬ | ૦.૨૪.૭૯ |
| | | | | કુલ | ૨.૧૧.૮૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે. એસ. યાજ્ઞિક)
અધિક કલેક્ટર (નર્મદા)
અમદાવાદ

ક્રમાંક : નામાનિ/મહે/૪૦૮/૨૦-૨૧